# આણંદ કૃષિ યુનિવર્સિટી
## આણંદ

**વંચાણે લીધોઃ** નાયબ સચિવશ્રી, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના ક્રમાંકઃપરચ/૧૨૨૦૨૧/૫૪૧/મ.૩.તા.૦૮/૧૨/૨૦૨૧.

**તા.૧૧.૧૨.૨૦૨૧ શનિવાર તથા ૧૨.૧૨.૨૦૨૧ રવિવારના રોજ કચેરીઓ ચાલુ રાખવા બાબત...**

## પરિપત્ર

વંચાણે લીધેલ સરકારશ્રીના પત્રના અનુસંધાને આથી યુનિવર્સિટીના તમામ યુનિટ/સબ યુનિટ કચેરીઓને જણાવવાનું કે, ભારત દેશના ૭૫ વર્ષની ઉજવણી નિમિતે આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત Agri Pre Vibrant Gujarat Event 2021 at Anand Gujarat નું આયોજન તા.૧૪/૧૨/૨૦૨૧ થી તા.૧૬/૧૨/૨૦૨૧ દરમ્યાન કરવામાં આવેલ છે.

જેના અનુસંધાને માન. કુલપતિશ્રીની આજ્ઞાનુસાર આથી જણાવવામાં આવે છે કે આણદં કૃષિ યુનિવર્સિટી, આણંદ ખાતે એગ્રી પ્રિ-વાઈબ્રન્ટ ગુજરાત ઈવેન્ટના આયોજનની પૂર્વ તૈયારીના ભાગ રૂપે **આણંદ કેમ્પસની તમામ કચેરીઓ તા. ૧૧.૧૨.૨૦૨૧ શનિવાર તથા ૧૨.૧૨.૨૦૨૧ રવિવારના રોજ ચાલુ રાખવાની થાય છે.** જેથી આણંદ કેમ્પસના તમામ યુનિટ-સબયુનિટ વડાશ્રીઓને તેમના હસ્તકના તમામ કર્મચારીઓ સાથે કચેરીઓ ચાલુ રાખવા જણાવવામાં આવે છે. આ અંગે તમામ યુનિટ-સબયુનિટ વડાઓએ કોઈપણ કર્મચારીઓની રજાઓ મંજૂર કરવાની રહેશે નહી.

પ્રસ્તુત આદેશ સરકારશ્રી તથા યુનિવર્સિટીના કામકાજના બહોળા હિતાર્થે જારી કરવામાં આવે છે.

**નં.આકૃયુ/રજિ/સંકલન/૭૪૩૫ /૨૦૨૧**
**તા. ૯ /૧૨/૨૦૨૧**

**કુલસચિવ**

**નકલ સવિનય રવાના જાણ તથા અમલ થવા સારૂ.**

(૧) માન.કુલલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, આ.કૃ.યુ. આણંદ તરફ જાણ સારૂ.
(૨) તમામ યુનિવર્સિટી અધિકારીશ્રીઓ અને યુનિટ/સબ યુનિટ કચેરીઓ તરફ જાણ તથા તમામને વંચાણે લાવી અમલ થવા સારૂ.

**નકલ રવાનાઃ**

(૧) કુલસચિવશ્રીના રહસ્ય સચિવશ્રી તરફ જાણ સારૂ.
(૨) આ કચેરીની તમામ શાખાઓ તરફ.

E:\Coordination-2021\Circular Document.docx